નમસ્કાર ગાંધીનગર

પમરાટ

હું યુગોનું સાંભરણ આપી શકું,
આંસુનો એકાદ કણ આપી શકું.
આપ તું એકાદ હોંકારો મને,
રાત આખી જાગરણ આપી શકું !
સાચવ્યો છે સાવ ખાલીખમ સમય,
ને,ભરેલી લાખ ક્ષણ આપી શકું..

- રમેશ ઠક્કર

પાથેય

- રમેશ ઠક્કર

સહિયારી સફરનું એક વરસ...

"નમસ્કાર ગાંધીનગર" કોલમને એક વર્ષ પૂરું થયું.પ્રથમ વર્ષગાંઠે એના ઉદભવ અને યાત્રા વિશે થોડીક વાત કરવી છે.ગત વર્ષે માનનીય સુરેશ ભટ્ટ સાહેબ વયના કારણે એમની કોલમ લખવા અસમર્થ થતાં, એમણે પોતાની નિયમિત કોલમ બંધ કરી. ત્યારે એમના વાચક તરીકે મને એવું થતું હતું કે દરરોજ સવારે આનંદ આપતું લખાણ અને કાવ્ય પંક્તિઓ હવે કોણ આપશે ? એમની કોલમના મારી માફક અનેક ચાહકો હતા.લેખક તરીકે એમનું અભિવાદન કરવાનો એક કાર્યક્રમ ગયા નવેમ્બરના છેલ્લા વીકમાં યોજવામાં આવ્યો.એ સમયે પણ સહુ કોઈની આ ચિંતા હતી.એમના અનુગામી શોધવાની વાત દરેકના મનમાં હતી.સ્ટેજ ઉપરથી અચાનક જ 'ગાંધીનગર સમાચાર'ના તંત્રી માનનીય કૃષ્ણકાંત જહા સાહેબે એ માટે જ્યારે મારું નામ સૂચવ્યું,ત્યારે ઉપસ્થિત સૌ કોઈએ તાળીઓથી એ વધાવી લીધું. મને રોમાંચ થયો.સાથે જ એમ પણ થયું કે દૈનિક ધોરણે લખવું એ કંઈ નાનીસૂની વાત નથી.મારા જેવા નીજાનંદે લખતા લેખક માટે તો એ ખરેખર પડકાર જ કહેવાય.પણ હવે જાહેરમાં જ એ વાતની મહોર વાગી ગઈ હતી.થયું કે ચાલો શરૂ તો કરીએ.એવું લાગશે તો જહા સાહેબને વિનંતી કરીશું..અને વિરામ લઈશું.એ રીતે ગયા વરસની પહેલી ડિસેમ્બરથી આ કોલમ શરૂ થઈ.પછીની જે યાત્રા છે એ અત્યંત સુખદ અને આનંદદાયક રહી.એક વરસ ક્યાં પૂરું થયું એની ખબર પણ ના રહી ! એ માટે માનનીય જહા સાહેબ સહિત "ગાંધીનગર સમાચાર"ના અનેક વાચકોના પ્રેમને હું કારણભૂત ગણું છું.સહુનો દિલથી આભાર માનું છું.

એક રોમાંચ સાથે આ પડકારનો સ્વીકાર તો કરી લીધો..એ કઈ રીતે ઝીલી શકાશે ? એને કઈ રીતે ન્યાય આપી શકાશે ? એની થોડીક માથામણ થઈ.લખવાની ફાવટ હતી પરંતુ એ માટેનું સાતત્ય મારા માટે નવું હતું. મારી પહેલાંના લેખક તરફથી દાયકાઓ સુધી એક ચોક્કસ ફોર્મેટમાં મૌલિક કાવ્યપંક્તિઓ સાથે લેખનની સરસ રજૂઆત થતી. એમાં સમસામયિક ઘટનાઓ અને વ્યંગ,કુશળતાપૂર્વક રજૂ થતાં. મારી લખવાની પદ્ધતિ જરીક જુદી, પરંતુ આગવી હતી. મારી પાસે ફિલોસોફી,ઐતિહાસિક હકીકતો, પ્રેરણાત્મક વાક્યો,અને લલિત પંક્તિઓ,સાથે આલેખન કરવાની એક ભૂમિકા હતી. વાચકોને આ નવા ફોર્મેટ થી પરિચિત કરાવવાના હતા.અને એ રીતે "ગાંધીનગર સમાચાર"ની પરંપરાને નિભાવવાની હતી..

સર્જક હંમેશાં હરખપદુડો હોય છે.એને કોઈ દાદ આપે એટલે એના બત્રીસે કોઠે દીવા થઈ જતા હોય છે.કોઈ એકાદો હોંકારો આપે તો આખી રાત જાગરણ કરવાની એની તૈયારી હોય છે ! અહીં તો તૈયાર થયેલા સજ્જ વાચકો હતા.અનેક પરિચિત સહદયીઓ હતા.જે મને પ્રોત્સાહક બળ પૂરું પાડવાના હતા. આખરે શું હોય છે લેખનની મજા ? વાચકને શું ગમતું હોય છે ? લેખક સતત એની મથામણમાં હોય છે.એની પાસે જો પોતીકું ભાવ વિશ્વ હોય,આલેખનની સચ્ચાઈ હોય, તો ચોક્કસ એ પોતાનું સ્થાન બનાવી શકતો હોય છે. પોતે સાચવેલો ખાલીખમ સમયે કે અનેક મુશ્કેલીઓની સામે ટકી રહી ભરેલી લાખો ક્ષણો આપવાની ખુમારી હોય છે.જે એને ટકાવી રાખે છે.શબ્દની પણ એક શરાફત હોય છે.એ જ્યારે આલેખનમાં અનુભવાય ત્યારે જ વાચક અને લેખક વચ્ચે એક આત્મીય સંબંધ રચાતો હોય છે.

આપ સૌના સ્નેહ થકી અને ઈશ્વરનું નામ લઈને શરૂ કરેલી આ દૈનિક કોલમ આજે એક વર્ષ પૂરું કરે છે.એનો સંતોષ છે.એ માટે અનેક નામી અનામી વાચકો અને વડીલોનો સ્નેહ કારણભૂત છે. કેટલાય લોકો અને પ્રથમ વખત જ પરિચય થતો હોય એવા વાચકો ફોનથી કે રૂબરૂમાં ઉમળકો વ્યક્ત કરે ત્યારે સાર્થકતાની એક અનુભૂતિ થતી હોય છે. જે ફરીથી કશુંક નવું લખવા માટે પ્રોત્સાહિત પણ કરી જાય છે. આ કોલમ થકી મને આખા વર્ષ દરમિયાન સતત નવું નવું લખવા માટે પ્રેરણા આપતા રહ્યા છે એવા કેટલાય નવોદિત કવિઓ અને એમની રચનાઓ મારા માટે ખૂબ જ ઉપયોગી રહી છે.પુરોગામી સર્જકો અને લેખકો પાસેથી એમનું જે ઉત્તમ છે અથવા તો જે મનને ગમી ગયું છે એવું સર્જન આમાં નામમાં ઉપયોગી થયું છે.એ સહુનો આભાર માનું છું.હજુ સુધી ક્યારેય લખવું ભારરૂપ લાગ્યું નથી કે નથી એના થકી કોઈ અડચણ અનુભવી લખવું એ જ્યારે પોતાના માટે આનંદમય ઘટના બને છે ત્યારે જે વાચકને માટે પણ મનગમતી ઘટના બની રહેતી હોય છે. એ માટે જરૂરી હોય છે પરસ્પર નો પ્રેમ અને લાગણીનો તંતુ..આવો પ્રેમ કેવું સરસ પરિણામ લાવી શકે એનું આ એક ઉદાહરણ છે.આપ સૌ તરફથી જે પ્રેમ મળેલ છે એને મારું સદભાગ્ય સમજુ છું.લેખનની આપણી સાહિત્યિક સફર સતત ચાલતી રહેશે.એ થકી આપણે સૌ એક નવા જ ભાવ હજગતને માણતા રહીશું.એ રીતે આપણા સૌની એક સહિયારી સફર બની રહેશે એવી આશા સાથે શબ્દનો આ સંગાથ નિભાવતા રહીએ.

હું તો આખેઆખા ગુલદસ્તાને મળ્યો છું

સ-રસ
મમતા બુચ

"અરે ભાઈ, મને જરા જલ્દી ગુલાબનો પ્લાન્ટ આપો ને! મારે મોડું થાય છે." સમયના કાને રૂપાની ઘંટડી રણકતી હોય એવા શબ્દો પડ્યા. સમયે ડોક ફેરવીને પાછળ જોયું તો ગુલાબનો છોડ પોતે જ ગુલાબી સલવાર-કમીઝ પહેરીને ઊભો હતો. સમયની નજર એના પરથી હટી ન શકી. "તમને કહું છું. સંભળાતું નથી?" ગુલાબનો છોડ ગુસ્સે થયો.

સમયને હવે હોશ આવ્યો કે એ કોઈક છોકરીને એકીટશે નિહાળી રહ્યો હતો અને એને ધૃષ્ટતા કહેવાય! "મેડમ", સમયના ચહેરા ઉપર હળવું સ્મિત આવી ગયું, "હું આ નર્સરીનો માળી નથી!" ગુલાબ ઝંખવાઈ ગયું, "ઓહ, એટલે...સોરી....તો તમે બીજી કોઈ નર્સરીમાં કામ કરો છો?" હવે સમય ખડખડાટ હસી પડ્યો, "પણ મિસ....તમે મને ઘરાર માળી જ શું કામ બનાવવા માંગો છો? હું આ કે બીજી કોઈ નર્સરીમાં માળી નથી!"

"મિસ ઝીલ....મારું નામ ઝીલ છે", ગુલાબ શરમાયું, "એક્ચ્યુઅલી, મેં અહીંની ઓફિસમાં ગુલાબના છોડ માટે પૂછ્યું તો એમણે મને આ બાજુ માળીને મળવાનું કહ્યું. તમે નીચે બેસીને ગુલાબ જોઈ રહ્યા હતા અને મેં પાછળથી આવીને બે વાર છોડ માંગ્યો પણ કોઈ જવાબ ન મળ્યો એટલે...." સમય હસી પડ્યો, "તો જવાબ ક્યાંથી મળે? હું પણ તમારી જેમ જ ગુલાબનો છોડ લેવા આવ્યો છું."

એટલામાં માળી આવી ગયો. એણે સમયને પૂછ્યું, "સાહેબ, કેટલા છોડ જોઈએ છે ગુલાબના?" જવાબમાં સમય તીરછી નજર નાખીને મુસ્કુરાયો, "આ મેડમને જેટલા જોઈતા હોય એટલા આપો. હું તો આખેઆખા ગુલદસ્તાને મળ્યો છું." ઝીલના ચહેરા ઉપર એકસામટાં કેટલાંય ગુલાબ ખીલી ઊઠ્યાં.

આ બંનેની પહેલી મુલાકાત. તે પછી બંને એક 'કોફી બાર'માં મળ્યાં. જો કે એ દિવસે ઝીલને આવવામાં થોડું મોડું થઈ ગયું હતું. સમયની ધીરજ ખૂટી રહી હતી ત્યાં જ ઝીલ પ્રવેશી. "થોડું મોડું થઈ ગયું તારે આવવામાં, નહીં?", સમય શાંતિથી બોલ્યો. અત્યાર સુધીમાં બંને "તમે"માંથી "તું"ની આત્મીયતા પર આવી ગયાં હતાં.

ઝીલના ચહેરા ઉપર સંકોચ હતો, "હા, થોડું નહીં, ઘણું. પણ શું કરું? પપ્પા કહે કે મારા માટે ભાખરી-શાક બનાવીને જ જા." સમયે પૂછ્યું, "તો તારા ઘરમાં બીજાં બધાં....." ઝીલે જવાબ આપ્યો, "બધાં છે. પણ મમ્મી થોડી બીમાર રહે છે. ભાઈ મારાથી એક વર્ષ મોટો છે. પણ એ તો કઈ કામ ના કરે ને?" સમયનો ચહેરો જરા સન્ન બન્યો, "કેમ ના કરે? તારા જેટલી જ ઘરમાં ફરજો તારા ભાઈની પણ ગણાય ને?" ઝીલ ઉદાસ સ્વરે બોલી, "એ તો છોકરો છે ને! એણે મારા જેટલું કામ થોડું કરવાનું હોય?"

સમયના અવાજમાં હજી પણ સન્નાઈ હતી, "કેમ ન કરવાનું હોય? આ જમાનામાં છોકરા અને છોકરી વચ્ચે ભેદ જ ક્યાં રહ્યો છે? છોકરી જો બહાર નોકરી કરીને ઘર ચલાવતી હોય તો છોકરો ઘરનું કામ કેમ ન કરે? હું મારી બે બહેનોને એમના કામમાં પૂરેપૂરી હેલ્પ કરું છું. અને ભવિષ્યમાં મારી પત્નીને પણ કરીશ." ઝીલના ચહેરા ઉપર લજ્જામિશ્રિત આનંદ પથરાઈ રહ્યો.

તે પછીની મુલાકાત એક પાર્કમાં નક્કી થઈ. ઝીલે સમયને એની ભાવતી વાનગી વિષે વાતવાતમાં પૂછી લીધું હતું. અને એને પરોઠા અને પાલક-પનીર ભાવે છે એ જાણી લીધું હતું.

ઝીલ પાર્કમાં પહોંચી ત્યારે સમય એની રાહ જ જોઈ રહ્યો હતો. ઝીલ આવતાંવેંત બોલી પડી, "સોરી સમય, આજે પણ મારે મોડું થઈ ગયું. એટલા માટે નહીં કે પપ્પા માટે કઈં બનાવવાનું હતું પણ એટલા માટે કે તારા માટે કઈંક બનાવવાનું હતું. અને તારા માટે તો મારે ઘરમાં ચોરી-છૂપીથી બનાવવું પડે! યૂ નો, એટલે..." સમય હસી પડ્યો, "એ તો તું મને શું ભાવે છે એ પૂછતી હતી ત્યાં જ હું સમજી ગયો હતો! તમે છોકરીઓ જ એકલી સ્માર્ટ હોવ છો? અમે છોકરાઓ પણ હોંશિયાર હોઈએ છીએ, હોં!"

"તો બોલ, હું શું લાવી હોઈશ તારા માટે?" ઝીલ નટખટ સ્વરે બોલી. સમયે આંખો નચાવી, "પરોઠા અને પાલક-પનીર! બોલ, સાચું ને?" ઝીલનું મોઢું પડી ગયું, "સોરી સમય, હું તો છોલે-પૂરી લાવી છું."

બે-ત્રણ સેકંડ્સની ચૂપકીદી પછી સમય ખડખડાટ હસી પડ્યો, "સ્ત્રીઓ આવી જ હોય છે! પતિને પૂછે કે આજે શું બનાવવું છે. પતિ જવાબ આપે કે પાલક-પનીર તો કહે કે ઘરમાં પાલક નથી! પતિ કહે કે તો પછી રાજમા બનાવ તો કહે કે એ તો પિંટુને ભાવતા નથી! બિચારો પતિ કહે કે મલાઈ-કોફ્તા તો કહે કે વારેઘડીએ મલાઈ-કોફ્તા તો મોંઘા પડી જાય! પતિ છેવટે હારીને કહે કે તો છોલે બનાવ એટલે પત્નીજી મુસ્કુરાઈને કહે કે ચણા તો મેં પહેલેથી પલાળી જ દીધા છે! આ તો તમારી પસંદની સબ્જી બને ને એટલે પૂછતી હતી!"

ઝીલ પણ ખડખડાટ હસી પડી. એનો સંકોચ હવે સાવ દૂર થઈ ગયો હતો. છોલે-પૂરીનું "પાર્ક-ભોજન" માણ્યા પછી સમય ધીમેકથી પ્રેમિકાના કાનમાં ગણગણ્યો, "હવે ક્યાં મળશો, દેવી? આવી કેટલી મુલાકાતો કરવાની છે? લગ્ન-બગ્ન વિષે વિચાર્યું છે કે નહીં?"

ઝીલનો ચહેરો ગંભીર બન્યો, "સમય, હું તને એક વાત કહેવાનું ક્યારની ય વિચારતી હતી. યોગ્ય સમયની રાહ જોતી હતી. પણ તેં લગ્નની વાત કાઢી એટલે હવે તો મારે એ કહેવી જ પડશે." સમયના અવાજમાં મસ્તી હતી, "બોલો ને ડાર્લિંગ!" ઝીલના ચહેરા ઉપર એ જ ગંભીરતા હતી, "સમય, મારી મમ્મીને....મારી મમ્મીને એઇડ્સ છે. અને હું ઈચ્છું છું કે એ જવાબદારી મારો ભાઈ અને હું બંને નિભાવીએ."

સમય સ્તબ્ધ બની ગયો. "હવે બોલ, ક્યારનું મૂરત કઢાવવું છે લગ્નનું?", ઝીલના ચહેરા ઉપર હળવાશ હતી. પણ હવે સમય થોથવાઈ ગયો હતો, "ઝીલ....ઝીલુ....લગ્નનું તો એવું છે કે.... મારે ઘરમાં પૂછવું પડે." "કેમ?", હવે ઝીલના અવાજમાં સન્નાઈ હતી, "પ્રેમ ઘરમાં પૂછીને કર્યો છે?" સમય પણ ઝઘડવાના મૂડમાં આવી ગયો, "તું જે રોગનું નામ આપી રહી છે એ કોઈ જેવો-તેવો રોગ છે? અને એ રોગ તો કોઈકની સાથે અસુરક્ષિત શારીરિક ....."

"બસ", ઝીલ ઊભી થઈ ગઈ. "મને માફ કરજે, સમય. હું તારી આગળ અર્ધ-સત્ય બોલી છું. પણ એ મારું ભવિષ્ય 'સિક્યોર' કરવા માટે. મારે પપ્પા અને ભાઈ નથી. મારી મા એ મારી તાકાત પણ છે અને જવાબદારી પણ. મને પણ અન્ય યુવતીઓની જેમ રોમેન્ટીક, સેન્સ ઓફ હ્યુમર ધરાવતો, ધૈર્યવાન, સ્ત્રી-પુરુષની સમાનતામાં માનતો અને સહૃદયી પતિ જોઈએ છે. તું બાકીની તમામ પરીક્ષાઓમાં પાસ થઈ ગયો. પણ મારી માની સંભાળમાં તું પાછો પડ્યો. રહી વાત એઈડ્સની તો તને એ ખબર હોવી જોઈએ કે એઈડ્સનો ચેપ ફક્ત શારીરિક સંબધોને લીધે જ નથી લાગતો. એનાં અનેક કારણોમાંનું એક એઈડ્સના અન્ય દર્દીનું બ્લડ ટ્રાન્સ્ફ્યૂઝન પણ છે. ગૂડબાય મિ. સમય....તમારો સમય હવે નીકળી ગયો છે." સડસડાટ જતી ઝીલને સમય સ્તબ્ધ આંખે નિહાળી રહ્યો.

દીકરીને વ્હાલની સાથે સાથે સાચી સમજણ આપવાની જવાબદારી પણ માવતરની છે હોં

નખરાળી જિંદગી
નિયતી કાપડીયા

એક છોકરીનું નામ મોના. એ હજી અગિયારમાં ધોરણમાં ભણે છે અને એને પ્લાસ્ટિક સર્જરી કરાવી એનો ચહેરો અને બીજા અમુક અંગો બાર્બી નામે વેચાતી રૂપાળી ઢીંગલી જેવા બનાવી લેવા છે. ના, ના એના દેખાવમાં કે રૂપરંગમાં કોઈ ખામી નથી. એ સુંદર કહી શકાય એવી છોકરી છે પણ એને એવું લાગે છે કે એ જો બાર્બી જેવી દેખાય તો વધારે લોકોને પોતાની તરફ આકર્ષિત કરી શકે!

સૃષ્ટિ નામે એક બાવીસ વરસની છોકરીને પોતાની જાતિ બદલવી છે. એને સ્ત્રીમાંથી પુરુષ બની જવું છે. એ છે તો છોકરી જ, એક નોર્મલ છોકરી પણ એને એમ છે કે એ એની બેસ્ટ ફ્રેન્ડ મૃણાલ વગર નહીં જીવી શકે. આખી જિંદગી સૃષ્ટિ મૃણાલ સાથે રહી શકે એ માટે એને પુરુષ બની મૃણાલ સાથે લગ્ન કરી લેવા છે. તમને થશે કે છોકરીઓમાં અક્કલ ના હોય એટલે અમુક ઉંમરે તે આવું બધું બાલીશ વિચારે પણ પછીથી એ સમજી જશે. હું તમને કહી દઉં કે સૃષ્ટિ છેલ્લા છ વર્ષથી આ વિચારી રહી છે, ખૂબ જ ગંભીરતાથી વિચારી રહી છે અને એ એક હોશિયાર એન્જિનિયર છે! આવતા થોડા વર્ષોમાં એ અમેરિકા સ્થિત થઈ જશે અને ત્યાં ઓપરેશન કરાવી છોકરો બની એ મૃણાલને લગ્ન માટે પૂછવાની છે...

એક છોકરીનું નામ રચના. એને એક છોકરો ગમી ગયો છે અને એને માટે એ છોકરી ગમ્મે તે હદે જવા તૈયાર છે. એ છોકરાને રચના તો ગમે જ છે પણ એની સાથે એની બીજી ચાર બહેનપણીઓમાં પણ એને રસ છે. છોકરાએ સાવ નફ્ફટ થઈ રચનાને કહી દીધું છે કે તારે મારી સાથે સંબંધ રાખવો હોય તો પહેલાં આ તારી ચાર બહેનપણીઓના એવા વિડિયો કે ફોટા લાવી આપ જેનાથી હું એમને બ્લેકમેઇલ કરી મારું એક કામ કઢાવી શકું. રચના પ્રેમમાં એટલી પાગલ છે કે એ કંઈ વિચાર્યા વગર પેલો કહે એમ કરવાને તૈયાર થઈ ગઈ છે. એને એ છોકરા સિવાય બીજું કંઈ દેખાઈ જ નથી રહ્યું. પોતાની જ સહેલીઓનાં અંગત વિડિયો/ફોટા એ એક અજાણ્યા છોકરાને આપે એનું શું પરિણામ આવી શકે એ બાબતે વિચારવું એને જરૂરી નથી લાગતું.

વ્યોમા. માબાપની એકની એક ખૂબ લાડકી દીકરી. એક પરધર્મી છોકરા સાથે એ લીવ ઈન રિલેશનશીપમાં રહેવા જવાની છે. એના ઘરમાં બધા કટ્ટર હિન્દુ છે. આવી રીતે એ એક વાર ઘરની બહાર નીકળશે પછી હંમેશા માટે એના માબાપના ઘરના દરવાજા પોતાની લાડકી માટે બંધ થઈ જશે એવું એ સારી રીતે જાણે છે અને તોય એ ઘર છોડી નીકળી જવાની છે. એ છોકરો એની સાથે લગ્ન કરી લેશે એવું એનું માનવું છે અને આ સિવાયની બીજી કોઈ શક્યતા વિચારવા એ તૈયાર નથી!

આવા હજી બીજા કેટલાય કિસ્સા અહીં લખી શકાય એમ છે. દરેક કેસમાં પહેલી જ નજરે આપણને એમ કહેવાનું મન થાય કે અરે છોકરી આ તું શું કરી રહી છે? તારામાં અક્કલ છે કે નહીં? આટલું બધું ભણ્યા પછી પણ તું સાચું કેમ નથી વિચારી નથી શકતી? આ છોકરીઓ આવું કેમ કરે છે...

મને લાગે છે કે સ્ત્રી, પછી ભલે એ ગમ્મે તે ઉંમરની હોય, હોદ્દાની હોય, એ જ્યારે પ્રેમમાં પડે છે ત્યારે એનું મગજ બંધ કરી ફક્ત હૃદયથી વિચારે છે. એનામાં બુદ્ધિ નથી એવું નથી પણ એ બુદ્ધિ આગળ પ્રેમરૂપી ભાવના બાજી મારી જાય છે અને એ ગલત નિર્ણય લઈ લે છે. અમુક ઉંમરે કે અમુક સંજોગોમાં એને લાગે છે કે એને ઘરની કોઈ વ્યક્તિ સમજી નથી રહી. વિજાતીય આકર્ષણ એની ચરમસીમાએ હોય અને એમાંય પાછું આજકાલની વેબસિરીઝ અને ફિલ્મોમાં બતાવાતું પ્રેમનું એક સુંદર પ્રકરણ જોઈ એનેય ઈચ્છા થઈ જાય છે પ્રેમ કરવાની, પ્રેમમાં પોતાની જાતને કુરબાન કરવાની. આ સમયે એને જેવું કોઈક સહેજ ગમી જાય કે એ તરત એના પ્રેમમાં પડી જાય છે.

પ્રેમમાં પડ્યા બાદ એના પ્રેમીને મેળવતા રસ્તામાં જે જે અડચણો આવે એ બધી પાર કરવામાં એને ગર્વ થાય છે. એ ભૂલી જાય છે કે જેને એ અડચણો માની રહી છે એ અડચણ નહીં પણ એના માવતરની પોતાની દીકરીના ભવિષ્યની ચિંતા છે, દીકરી પ્રત્યેનો પ્રેમ છે.

ખેર, આપણી છોકરીઓને આપણે જ સમજાવવી પડશે. નાની ઉંમરથી જ એમનામાં એ વિશ્વાસ જગાડવો પડશે કે એના માબાપને મન એની ખુશીથી વધારે મહત્વનું બીજું કંઈ નથી. એ તેની ગમ્મે તેવી તકલીફ ઘરમાં આવીને કહી શકે છે અને કોઈ એને વઢશે નહીં. કદાચ ઘરમાં કોઈ ગરમ સ્વભાવનું હોય અને એની પર થોડો ગુસ્સો કરી લે તોય છેવટે તો એ જ મદદ કરવા આગળ આવશે. દીકરી જ્યારે પણ મુસીબતમાં હોય ત્યારે એની મદદ કરનાર સૌથી પહેલાં એના માવતર હશે એવું જો દરેક છોકરી માનતી થઈ જાય તો ઘણી બધી મુશ્કેલી એના જીવનમાં આવે જ નહીં!

આપણે આપણી દીકરીઓને વિશ્વાસ અપાવવો પડશે કે તું જે છે, જેવી છે એવી જ સુંદર છે. એના બાહ્ય દેખાવાની સાથે સાથે એની આંતરિક સુંદરતા કેમ વધારી શકાય એને માટે પ્રયત્નો કરવા પડશે. એને સમજાવવી પડશે કે પ્રેમ કરવો અને એને પામવો એ જ જીવનનું ધ્યેય નથી. સાચો પ્રેમ એમ કંઈ કોલેજના બગીચામાં કે પાનના ગલ્લે ઊભો એની વાટ નહીં જોતો હોય એનું આગમન જો થવાનું જ હશે તો એ ગમ્મે ત્યાંથી સીધો એના જીવનમાં ટપકી પડશે. ક્યાં ખરેખર આગળ વધવું અને ક્યાં એ એક છોકરીઓને ફસાવવાની જાળ છે એમ માની અટકી જવું એટલું ઓળખતા આપણે જ એને શીખવવું રહ્યું.

કોઈ માબાપ રાતોરાત એમની દીકરીને આ બધું નહીં સમજાવી શકે. માબાપની સમજદારી દીકરીમાં ઇન્સ્ટોલ કરતા વરસો લાગશે. કંઈ કેટલીય વાર ધીરજની કસોટી થશે, મનમાં ગુસ્સાનો દાવાનળ ફાટી રહ્યો હોય તોય શાંત અવાજે વાત કરતા શીખવું પડશે. દીકરીઓને પગભર કરવી પડશે. એમને સાચું અને સારું વિચારી હિંમતપૂર્વક જીવનમાં આવનારી તકલીફનો સામનો કરતી કરવી પડશે. જીવનની કોઈ પણ પરિસ્થિતિમાં દીકરી હારી જાય ત્યારે એની પડખે બીજું કોઈ હોય ના હોય પણ એનો પરિવાર હંમેશા ઊભો છે એવી ખાતરી આપવી પડશે. તમારા જીવનની સર્વોત્તમ ભેંટ એવી તમારી દીકરીના સુખદ ભવિષ્ય માટે તમારે જ આ બધા પ્રયત્નો કરવા પડશે...

અમસ્તું,

જીવનમાં પ્રેમ જ આખરી પડાવ નથી, મંજિલ એનાથી ઘણી આગળ છે!

@Niyati Kapadia

સારા માણસની કિંમત બે વાર થાય છે... ગરજ હોય ત્યારે અને ગેરહાજર હોય ત્યારે.!!

લાગણીનો મેળો
રસિક વાળંદ

મારી વેણીમાં ચાર ચાર ફૂલ, અંબોલડે સોહે સોહામણી ઝૂલ.
ચોથું ફૂલ જાણે મારા હૈયાના હારનું, જાણે પેલું રાતરાણીનું ફૂલ.
દિવસે ના બોલે એ મોટાના માનમાં, રાતડીએ બોલે બૂલબૂલ.

- અવિનાશ વ્યાસ

'આજે સાંજે ગીત ગાવા આવજો...' ગોખાવેલા શિષ્ટાચારના રણકાએ દાયકા પૂર્વે અમારા ગામડાંમાં લગ્નટાણે હરખ પદૂડી કુંવારિકાઓ સાંજે ગાણાં ગાવા આવજો' ની ઘેર ઘેર ટહેલ નાખવા ઉછળતી કૂદતી આવતી એ દ્રશ્ય સ્મરણ પટને ઢંઢોળી ગયું!!

'એક કાળે અમારાં ગામડાંની શિક્ષિત કે અલ્પ શિક્ષિત સો હામણી સુહાગણોના કંઠે મીઠી હલકથી ગવાતાં લગ્નગીતો - ફટાણાંથી અવસરને ચાર ચાંદ લાગી જતાં. પછી તો ખોબલે ગોળ કે પતાસાં વહેંચાતાં... આનંદ-કિલ્લોલભર્યો સાયુકલો ઉલ્લાસ અનુભવાતો!

ખેર, આ જગતમાં પંચમહાભૂતો (આગ,પાણી, હવા, ધરતી, આકાશ) ના રૂપ-લક્ષણો સિવાય કશું જ શાશ્વત નથી... બોલી પણ બાર ગાઉએ બદલાય... માણસની વાતોના સૂર પણ બદલાય... સંબંધો પણ બદલાયા ને એની અભિવ્યક્તિ પણ બદલાઈ...

આજકાલ જામેલા લગ્નસરાના માહોલમાં ગીતકાર કવિશ્રી અવિનાશ વ્યાસની ઉપરોક્ત રચના યાદ આવી ગઈ. ચાર ચાર ફૂલની કવિની રોચક કલ્પના. સાસરિયાં પરત્વેનું નારી સંવેદન કવિશ્રીએ બખૂબી વ્યક્ત કર્યું છે. સાસુ-સસરા અને નણંદની લાક્ષણિકતા એવી તો સરસ રીતે વ્યક્ત કરી છે કે આ નારીનું સંસારચિત્ર આખું ઉપવન જ ભાસે અને એમાંય રાતરાણીની જેમ મહેંકતા પતિની વાતથી તો જાણે એ અત્યંત મહેંકી ઊઠે!!

હા, એક વાત નિશ્ચિત છે કે જીવન કે સંબંધો વાસ્તવિકતા છે જ્યારે એના વિશે લખાયેલી વાતો કલ્પનાભરી છે. એમાં લાગણીના નવરંગ ઊમેરાય તો એ શક્ય એટલી સોહામણી બની શકે... ખટ-મીઠા કે તૂરા જણાતા સંબંધોનેય આગવી ઢબે ગૂંથી કુટુંબમેળાને અલગ-અનોખો અંદાજ આપવામાં કવિશ્રી અવિનાશ વ્યાસને દાદ આપવી ઘટે.

'માનવસંબંધો' નામના પુસ્તકની પૂર્વભૂમિકામાં સ્વામી સચ્ચિદાનંદજીએ લખ્યું છે, "જીવન ઉપર સૌથી મોટો પ્રભાવ સંબંધોનો પડતો હોય છે. ઈચ્છાએ કે અનિચ્છાએ એ સંબંધો તો બંધાતા જ હોય છે અને તૂટતા પણ હોય છે. સંબંધોનું બાંધવું અને તૂટવું એ સુખ દુઃખનો મહત્વનો ઘટક છે."

સંબંધ એટલે સમ બંધ. સમાન રીતનું બંધન. સમાન રીતના જોડાણથી રચાતો સંબંધ સ્નેહ કર હોય છે. સ્નેહકર સંબંધોથી માણસ ખીલે... ખુલે ને ખુશી અનુભવે. પણ આજકાલ આવા સંબંધોનું સુખ ઘટતું જાય છે એવું અનુભવે સમજાયું છે... આ અનુભૂતિ મારા એકલાની જ નહીં... સાર્વત્રિક બની ચૂકી છે...

એક સમય હતો કે અજાણ્યા ચહેરા-મહોરાં કે દીદાર જોઈ 'આ ફલાણા નો દીકરો લાગે છે' એમ વડીલો ઓળખી લેતાં... આજે તો ફ્લેટ અને સોસાયટીમાં નંબરની બોલબાલા... કોણ રહે છે એના નામની પણ ખબર જ નહીં... સંબંધોની ઘનિષ્ઠતા ગઈ ને એનું ઊંડાણ પણ ગયું... વાસ્તવિક સંબંધો ક્ષીણ થયા... સંબંધોના રૂપ-રંગને પર્યાય બદલાયા... સાવ નજીકના સ્વજનો દૂર થયાં ને દૂરના લોકોને શ્વસતાં થયાં... સાયુકલા સંબંધોનો હ્રાસ અને ઉપલકા-કુત્રિમ સંબંધો વિકસતાં જાય છે. ડ્રોઈંગરૂમમાં પાસ પાસે બેઠેલાં પરિવારજનો યંત્રો જેવા બની ગયાં... ને દૂર-સુદૂર રહેલાં અજાણ્યા ચહેરાઓ સાથે મશગુલ બની રહ્યાં છે. આ તો 'કાંઘમાં ક્યારો કોરો' જેવો ઘાટ જોવા મળે છે.

આ ઓનલાઈનનો યુગ... બધું જ ઓનલાઇન ફાવે... લગભગ સમાજનો મોટો વર્ગ વર્ચ્યુઅલ વિશ્વમાં ખેંચાયો છે... એક જમાનામાં એકાદ લંગોટિયો ભાઈબંધ મુશ્કેલીમાં તારણહાર બની જતો... આજે અઢળક કટ્ટીહીર્ત્તા ફ્રેન્ડસ હોવા છતાં સાવ એકલતા અનુભવવી પડે છે... એ તો હાસ્ય, રુદન કે ગુસ્સાની ઈમોજી સેન્ડ કરીને છુટ્ટા...! મોબાઈલ પર મળતી લાઇક કે કોમેન્ટ્સને સફળતાનો માપદંડ કે માનદંડ માની જીવનારા વધતા જાય છે... લાઈક કે કોમેન્ટ્સ ઓછી મળે તો હીઝરાનારાને હતાશ થનારા આત્મહત્યા પણ કરી લે છે...

સાચે જ વર્ચ્યુઅલ વિશ્વ - આભાસી દુનિયામાં આપણે પારિવારિકપણું અને સામાજિકતા ગુમાવી ચૂક્યાં છીએ... ભ્રામક દુનિયાથી અંજાયેલી આજની પેઢીને વાસ્તવ જીવન જીવવાનું માફક નથી આવતું. 'દૂરથી ડુંગર રળિયામણા...' શુદ્ધ સાચદિલી લાગણી-પ્રેમની ક્યાં જરૂર છે... ટેમ્પરરી રિલેશનનો જમાનો છે. પ્રિયજનનો હેતાળ સ્પર્શ કકરો લાગે ને ટચ સ્ક્રીન પર ટેરવા ફરે એનો રોમાંચ થાય!! ઘણીવાર વર્ચ્યુઅલ રિલેશનનાં ઘાતક પરિણામોના કિસ્સા પણ અખબારી પાને ચમકે છે...

ખેર, સોશિયલ મીડિયાના વિવિધ પ્લેટફોર્મના સર્જકોએ શુભ હેતુથી શોધ કરી હશે આપણે પણ સ્વવિવેક દાખવી વર્ચ્યુઅલ સંબંધોને વાસ્તવિક સંબંધોમાં ઢાળી પૂરક બનીએ તો જીવન મંગલ બને!!!

સ્પર્શમણિ

દુઃખની વાત એ છે કે માણસ એકલો રહી નથી શકતો, બીજાને સહી નથી શકતો.

માત્ર નંબર જ save છે લાગણીઓ delete થઈ ગઈ છે અત્યારે સંબંધ ક્યાંક busy છે અને વ્યક્તિ networkની બહાર છે.

●●●

સારા માણસની કિંમત બે વાર થાય છે... ગરજ હોય ત્યારે અને ગેરહાજર હોય ત્યારે.!!

●●●

- rasikvaland1965@gmail.com
99134 26949